# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

જાવક નંબર : ૪૭૨૬ તા.૪/૯/૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,તમામ,
સી.આર.સી.કો.ઓર્ડી.તથા યુ.આર.સી.શ્રી

વિષય : સી.આર.સી.કક્ષાના વિજ્ઞાન – ગણિત – પર્યાવરણ પ્રદર્શન -૨૦૧૮ના આયોજન બાબત.

આથી નગર પ્રાથમિક શાળાના તમામ આચાર્યશ્રી તથા સી.આર.સી.શ્રીઓ અને યુ.આર.સી.શ્રીઓને જણાવવાનુંકે સી.આર.સી.કક્ષાના વિજ્ઞાન – ગણિત – પર્યાવરણ પ્રદર્શન -૨૦૧૮નું આયોજન નીચે જણાવેલ સ્થળે તા. ૧૫-૦૯-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે. પ્રદર્શનનો સમય સવારે ૯.૦૦ થી ૪.૦૦ કલાકનો રહેશે.

તા. ૧૫-૦૯-૨૦૧૮ સમય સવારે ૯.૦૦ થી ૪.૦૦ કલાક

| ક્રમ | પ્રદર્શન સ્થળ | સી.આર.સી. |
|---|---|---|
| ૧ | ૧૮૮, સિંગણપોર,ગામતળ | ૧૨,૧૩,૧૪,૧૫ |
| ૨ | ૩૮/૩૯/૩૬ સગરામપુરા ડેપો | ૨,૫,૭,૮,૯,૧૦, |
| ૩ | ૧૫૩,૧૫૪ સુર્યપુર, રાંદેર રોડ, સુરત | ૧,૩,૪,૬,૧૧ |
| ૪ | ૨૮૫ એચ - ૩,કોસાડ આવાસ | ૧૬,૧૭,૨૨, |
| ૫ | ૧૨૨ કમલપાર્ક, માતાવાડી,કરંજ વરાછા | ૧૮,૧૯,૨૦,૨૧ |
| ૬ | ૧૨૧ વેસુ, સિદ્ધિવિનાયક મંદિર પાસે, | ૨૩,૨૪,૨૫ |
| ૭ | ૨૦૬/૨૦૭ મીરાનગર,ઉધના | ૨૬,૨૭,૨૮ |
| ૮ | ૯૧/૨૭૬ ભીડભંજન, પાંડેસરા | ૨૯,૩૦,૩૧,૩૨ |
| ૯ | ૧૪૦/૧૪૬ ઈશ્વરપુરા, ડીંડોલી | ૩૩,૩૪,૪૧ |
| ૧૦ | ૮૨/૨૬૦ શીવાજીનગર,લીંબાયત | ૩૫,૩૬, ૩૮ |
| ૧૧ | ૩૫/૨૨૮ પદમાવતી<br>સોસા.મારૂતીનગર,લીંબાયત | ૩૯,૪૦ |
| ૧૨ | ૨૨૯/૨૩૦ ડુંભાલ મ્યુ. ટેનામેન્ટ | ૩૭,૪૨ |

ઉપરોક્ત વિગત મુજબ ભાગ લેનારી શાળાઓએ તા. ૧૪-૯-૨૦૧૮ના રોજ ૩.૩૦ થી ૪.૩૦ કલાક દરમ્યાન પોતાની કૃતિ રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે અને તા. ૧૫-૯-૨૦૧૮નાં રોજ સવારે ૮.૩૦ કલાકે ઉદઘાટન કર્યા બાદ સાંજે ૪.૦૦ કલાક સુધી પ્રદર્શન ચાલુ રાખવાનું રહેશે. જે શાળામાં પ્રદર્શન યોજાવાનું છે તે શાળાઓએ તા.૧૪-૯-૨૦૧૮નાં રોજ બપોરે ૨.૦૦ કલાકે બાળકોને રજા આપી પ્રદર્શન અંગેની વ્યવસ્થામાં સહકાર આપવાનો રહેશે અને સી.આર.સી.શ્રીની સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. શાળાના સંડાસ – મુતરડીની સ્વચ્છતા બાબતે અને પીવાના પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.

દરેક સી.આર.સી.શ્રીઓએ તમારા ક્લસ્ટરમાં આવતી ન.પ્રા. શાળાઓ અને ખાનગી પ્રા. શાળાઓને આ આયોજન બાબતની જાણકારી આપવાની રહેશે અને સમયસર પોતાની કૃતિ રજુ કરે એ બાબતે સૂચના આપવાની રહેશે. પ્રદર્શન નિહાળવા બાબતે પણ દરેક શાળાઓને જાણ કરવાની રહેશે અને એ બાબતનું આયોજન કરવાનું રહેશે. એ જ દિવસે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ડો.અબ્દુલ કલામ વિજ્ઞાન રત્ન પરીક્ષાનું આયોજન પણ તમારે કરવાનું રહેશે. નિર્ણાયકોની વ્યવસ્થા પણ કરવાની રહેશે. આપણી માંગણી મુજબની ભોજન ડીશ ગણતરી કરી લેવાની રહેશે અને એનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. વધારાની ભોજન ડીશ કોઈપણ સંજોગોમાં લેવાની રહેશે નહિ અને કદાચ જરૂર પડે તો કચેરીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. <u>સી.આર.સીશ્રી એ જરૂરિયાતની વિગતની માહિતી નમુનાનાં પત્રકમાં મેઇલ એડ્રેસ dtjadav810@gmail.com પર ધીરજભાઇ જાદવને તા. ૦૬/૦૯/૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે.</u>

પ્રદર્શન પૂર્ણ થયે તમામ પત્રકો માગેલી સૂચના મુજબ તૈયાર કરી મધ્યસ્થ વિજ્ઞાન ભવન,કાસકીવાડમાં શ્રી ધીરજલાલ જાદવને રૂબરૂ બંધ કવરમાં તેજ દિવસે પહોંચાડવાના રહેશે. પ્રદર્શનના નિર્ણાયકોની વ્યવસ્થા ન.પ્રા. સમિતિ તરફથી કરવામાં આવશે. એમને કૃતિના વિભાગવાર પત્રકો તૈયાર કરી પરિણામ તૈયાર કરવા બાબતે માર્ગદર્શન આપવાનું રહેશે. પરિણામ બાબતે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી રહેશે. અને ગુપ્તતા જાળવવાની રહેશે. પ્રદર્શન પૂર્ણ થયે નિર્ણાયકશ્રીઓને ભથ્થું ચૂકવી રસીદ મેળવી લેવાની રહેશે અને એ રસીદ પણ સાથે જમા કરાવવાની રહેશે. સી.આર.સી.શ્રીઓએ પોતાના સહકાર માટે શાળામાંથી જરૂરીયાત મુજબના શિક્ષકશ્રીઓ અને તેડાગર ને મદદમાં લેવાના રહેશે.

પ્રદર્શન પૂર્ણ થયે બીજા દિવસે શાળામાં શિક્ષણ કાર્ય શરુ થઇ શકે એ મુજબની વ્યવસ્થા કરી પછી જ શાળા છોડવાની રહેશે.

આ પરિપત્રથી તમામને માહિતગાર કરી દફતરે કરવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ સવિનય રવાના
માન. અધ્યક્ષશ્રી, ન .પ્રા.શિક્ષણ સમિતિ.
માન. નિરિક્ષકશ્રી,